જૂનાગઢ જિલ્લા કોર્ટે એક દિવસમાં ત્રણ જામીન અરજી ફગાવી દીધી

● જૂનાગઢ, તા.૨૯

જૂનાગઢ જિલ્લા કોર્ટ દ્વારા આજે ત્રણ અલગ-અલગ આરોપીની જામીન અને આગોતરા જામીન અરજી નકારી દીધી. ત્રણ અલગ-અલગ કેસમાં જુનાગઢ જીલ્લા સેશન્સ કોર્ટે આરોપીના વકીલ દ્વારા કરવામાં આવેલી જામીન અરજીની દલીલોને નકારીને આરોપીની જામીન અને આગોતરા જામીનની અરજી ફગાવી દીધી છે. સેશન્સ જજ ભુપેન્દ્ર કુમાર દવે એ ત્રણેય જામીન અરજી પર આરોપીના ઈતિહાસ અને જામીનમુક્ત થયા બાદ આરોપીઓ કેસના સાક્ષીઓ પર દબાણ ઊભું કરી શકે છે, તેવી પરિસ્થિતિને ધ્યાને રાખીને જામીન અરજીને નકારી દીધી છે.

જુનાગઢ જિલ્લા કોર્ટ દ્વારા હત્યા, લાંચ અને પ્રોહીબેશન જેવા ખૂબ જ ગંભીર ગણાતા ગુનાના આરોપીઓ દ્વારા તેમના વકીલ મારફતે જુનાગઢ જિલ્લા સેશન્સ કોર્ટ સમક્ષ આરોપીને જામીન મુક્ત કરવા જોઈએ તેવી અરજી પર સુનાવણી હાથ ધરવામાં આવી હતી. જૂનાગઢ જિલ્લા સેશન્સ જજ ભુપેન્દ્ર કુમાર દવે એ ત્રણેય જામીન અરજીની સુનાવણી કરીને ત્રણેય કેસમાં ગુનાની ગંભીરતાને ધ્યાને રાખીને આરોપીના વકીલ દ્વારા રજૂ કરવામાં આવી હતી. જામીન અને આગોતરા જામીનની અરજી નાકારી દીધી, ત્રણ ગુના પૈકી બે ગુનાના અપરાધી જુનાગઢ જિલ્લા જેલમાં છે, તો અન્ય એક આરોપી અપરાધી જામીન મેળવવા માટે ફરાર છે.

જુનાગઢ જિલ્લા સેશન્સ જજ ભારત કુમાર દવેની કોર્ટમાં એક સમયે જુનાગઢ જિલ્લા પંચાયતના આરોગ્ય શાખામાં અને ત્યારબાદ જૂનાગઢ મનપામા મેલેરીયા અધિકારી તરીકે ફરજ બજાવતા હરસુખ રાદડિયા સામે લાંચ-રુશ્વત વિરોધી બ્યુરોની કચેરીમાં ૩૦ ડિસેમ્બર ૨૦૨૫ના દિવસે આવક કરતા વધારે સંપત્તિ એકઠી કરવાનો ગુનો રજીસ્ટર કરવામાં આવ્યો હતો. ત્યાર બાદ આરોપી હરસુખ રાદડિયા ફરાર જોવા મળે છે. ૧ કરોડ ૭૪ લાખ ૩૨ હજાર અને ૮૫ રૂપિયાની અપ્રમાણસર મિલકત એકઠી કરી હોવાની ફરિયાદ લાંચ-રુશ્વત વિરોધી બ્યૂરોમા દાખલ થતાં જ આરોપી હરસુખ રાદડિયા ફરાર છે. જેમના વકીલ દ્વારા આજે આગોતરા જામીન અરજી રજૂ કરવામાં આવી હતી જેને ડિસ્ટ્રિક્ટ સેશન્સ જજ ભરતકુમાર દવે એ ના મંજૂર કરી છે.

જુનાગઢ શહેર હત્યાના બનાવોને લઈને ચર્ચામાં જોવા મળતું નથી પરંતુ દિવાળીના દિવસે મધુરમ વિસ્તારમાં ફટાકડા ફોડવા જેવી એકદમ સામાન્ય બાબતે આ વિસ્તારમાં જ રહેતા દિવ્યાંગ ચુડાસમા ને સાથે મળીને કેટલાક લોકોએ બોથડ પદાર્થો વડે હુમલો કરતા તેમાં દિવ્યાંગ ચુડાસમાનું મોત થયું હતું. જેમાં એક આરોપી તરીકે પોલીસે કેવલ જોશીની અટકાયત કરી હતી ત્યારથી લઈને અત્યાર સુધી આરોપી કેવલ જોશી જુનાગઢ જેલમાં છે, તેના વકીલ દ્વારા કેવલ જોશીને જામીન મળવા જોઈએ આવી. અરજી ડિસ્ટ્રિક્ટ સેશન્સ જજ સમક્ષ આપી હતી, પરંતુ કોર્ટે ઘટનાની ગંભીરતા અને સામૂહિક રીતે હત્યા કરવાના ઈરાદે હુમલો થયા હોવાના સીસીટીવી જેવા મહત્વના પુરાવાને ધ્યાને રાખીને આરોપી કેવલ જોશીની જામીન અરજીના મંજૂર કરી છે.

જુનાગઢ શહેરમાંથી ૧૦ લાખ કરતા વધારેના પરપ્રાંતીય દારૂ સાથે આરોપી કિશન કોડીયાતરની તાલુકા પોલીસે અટકાયત કરી હતી. ત્યારથી લઈને અત્યાર સુધી આરોપીને જૂનાગઢ જિલ્લા જેલમાં રાખવામાં આવ્યો છે. તેના વકીલ દ્વારા પણ આરોપીના પરિવારની આર્થિક સ્થિતિ અને ઘરમાં કમાનાર એકમાત્ર વ્યક્તિ હોવાનો તર્ક આગળ રાખીને જિલ્લા સેશન્સ કોર્ટ સમક્ષ આરોપીને જામીન આપવા જોઈએ. આવી દલીલો કરી હતી પરંતુ ડિસ્ટ્રિક્ટ સેશન્સ જજ ભરતકુમાર દવે તપાસનીસ પોલીસ અધિકારીના કારણો અને નિવેદનને ધ્યાને રાખ્યા

ઉના પંથકની દિલધડક ઘટના: પુત્રનો જીવ બચાવવા વૃદ્ધ પિતાએ દીપડાને મોતને ઘાટ ઉતાર્યો

● ગીર સોમનાથ, તા.૨૯

ગુજરાતમાં છેલ્લા ઘણા સમયથી ચારપગા વન્યજીવના રહેણાંક વિસ્તારમાં આતંકની ઘટનાઓ વચ્ચે હાલ ગીર સોમનાથ જિલ્લામાં માનવ અને દીપડા વચ્ચે એક અત્યંત દિલધડક અને લોહિયાળ સંઘર્ષની ઘટના બની હોવાની વિગતો સામે આવી રહી છે. મળતી માહિતી મુજબ, ઉના પંથકના સીમ વિસ્તારમાં ગઈકાલે મોડી રાત્રે દીપડો અને એક પિતા-પુત્ર વચ્ચે લોહિયાળ જંગ છેડાઈ હતી. જેમાં વહાલસોયા પુત્રને મોતના મુખમાંથી બચાવવા માટે આ વૃદ્ધ પિતા દીપડા માટે સાક્ષાત્ કાળ બનીને ત્રાટક્યા હતા. ત્યારે આ ભયાનક લડાઈમાં પિતાએ સ્વબચાવમાં દીપડાને મોતને ઘાટ ઉતારી દીધો હોવાની ચોંકાવનારી માહિતી સામે આવી રહી છે.

ઘટનાની વિગતવાર વાત કરીએ તો, ગીર સોમનાથ જિલ્લાના ઉના પંથકમાં આવેલ ગાંગડા ગામની સીમમાં ગત રાત્રિના સમયે બાબુભાઈ વાજા નામના વૃદ્ધ વાડીએ પોતાની ઓસરીમાં બેઠા હતા. આ દરમિયાન ઘોર અંધારામાં એક હિંસક દીપડાએ અચાનક તેમના પર હુમલો કરી દીધો હતો. પિતાની મરણતોલ ચીસ સાંભળીને તેમનો પુત્ર તુરંત જ પિતાની મદદે દોડી આવ્યો હતો. ત્યારે દીપડાએ આ પિતાને છોડીને તેમના પુત્ર પર જીવલેણ હુમલો કરતા વાતાવરણ ભયાનક બની ગયું હતું.

બાદમાં પોતાના પુત્રને દીપડાના જડબામાં ફસાયેલો જોઈ વૃદ્ધ પિતામાં જાણે શક્તિનો સંચાર થયો હોય તેમ, તેમણે ડર્યા વગર પુત્રનો જીવ બચાવવા દીપડા પર જ હુમલો કર્યો હતો. બાબુભાઈએ પોતાના પાસે રહેલા ભાલા અને દાતરડા વડે દીપડા પર પ્રહાર કર્યા હતા. જેથી લાંબો સમય ચાલેલા આ લોહિયાળ જંગના અંતે દીપડાનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. ત્યારે ગીર સોમનાથના ઈતિહાસમાં સ્વબચાવમાં દીપડાને મારવાની આ પ્રથમ ઘટના હોવાનું મનાય છે.

નોંધનીય છે કે, આ સંઘર્ષ ભરી ઘટનામાં બાબુભાઈ અને તેમનો પુત્ર બંનેને ગંભીર રીતે ઈજાઓ પહોંચી છે, જેથી ગંભીર રીતે ઘાયલ આ બંનેને લોહીલુહાણ હાલતમાં સારવાર માટે તાત્કાલિક ઉનાની સરકારી હોસ્પિટલ અને ત્યાર બાદ વધુ સારવાર અર્થે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. ત્યારે ઘટનાની જાણ થતા જ વન વિભાગનો કાફલો સ્થળ પર દોડી આવ્યો છે અને દીપડાના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે જસાધાર એનિમલ કેર સેન્ટર ખાતે ખસેડ્યો છે.

અંબાજીમાં ૩૦ જાન્યુઆરીથી ત્રિદિવસીય શક્તિપીઠ પરિક્રમા મહોત્સવનું ભવ્ય આયોજન

● અંબાજી, તા.૨૯

ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ તથા આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ અને જિલ્લા વહીવટી તંત્ર બનાસકાંઠાના સંયુક્ત ઉપક્રમે વિશ્વ પ્રસિદ્ધ યાત્રાધામ અને આદ્યશક્તિપીઠ અંબાજી ખાતે આગામી તા. ૩૦.૦૧.૨૦૨૬ થી તા. ૧.૦૨.૨૦૨૬ (મહા સુદ બારસ, તેરસ અને ચૌદસ) દરમિયાન ભવ્ય '૫૧ શક્તિપીઠ પરિક્રમા મહોત્સવ-૨૦૨૬' નું આયોજન કરાશે.

ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વરદ હસ્તે વર્ષ ૨૦૦૮માં ગબ્બર પર્વત પર ૫૧ શક્તિપીઠ પ્રોજેક્ટનું ભૂમિપૂજન કરવામાં આવ્યું હતું, જેનું લોકાર્પણ ફેબ્રુઆરી ૨૦૧૪માં થયું હતું. અંદાજે રૂ. ૬૧.૫૭ કરોડના ખર્ચે નિર્મિત આ પરિક્રમા માર્ગમાં ભારત સહિત પાકિસ્તાન, નેપાળ, શ્રીલંકા, તિબેટ અને બાંગ્લાદેશમાં સ્થિત મૂળ શક્તિપીઠોની આબેહૂબ પ્રતિકૃતિઓનું નિર્માણ કરવામાં આવ્યું છે, જેથી શ્રદ્ધાળુઓ એક જ સ્થળે તમામ ૫૧ શક્તિપીઠોના દર્શનનો લ્હાવો લઈ શકે.

બનાસકાંઠા જિલ્લા કલેક્ટર અને આરાસુરી ટ્રસ્ટના અધ્યક્ષ મિહિર પટેલના નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ આ મહોત્સવમાં ભાગ લેવા માટે બનાસકાંઠા, મહેસાણા, સાબરકાંઠા, પાટણ, ગાંધીનગર અને અરવલ્લી સહિતના જિલ્લાઓમાંથી લાખોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ જોડાશે. શ્રદ્ધાળુઓની સુવિધા માટે આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા વ્યાપક વ્યવસ્થાઓ કરવામાં આવી છે. યાત્રાળુઓ માટે અંબિકા ભોજનાલય,જીએમડીસી, માંગલ્યવન,આરટીઓ સર્કલ અને આર્ટસ કોલેજ ખાતે વિનામૂલ્યે ભોજનની વ્યવસ્થા ઉપલબ્ધ રહેશે.

પરિક્રમા મહોત્સવ દરમિયાન પરિક્રમા પથ, શક્તિપીઠ સંકુલ તથા મુખ્ય મંદિર પરિસરને આકર્ષક અને દિવ્ય માહોલ સર્જે તે રીતે વિશેષ રંગીન લાઈટિંગ, ડેકોરેશન અને ઈલ્યુમિનેશનથી શણગારવામાં આવશે. રાત્રિના સમયે સમગ્ર પરિક્રમા માર્ગ ઝગમગાટથી ઝળહળી ઊઠશે, જે શ્રદ્ધાળુઓ માટે અનોખો આધ્યાત્મિક અનુભવ આપશે. આ સાથે મહોત્સવને લોક સંસ્કૃતિનો રંગ આપવા માટે પરંપરાગત આદિવાસી નૃત્ય, ઢોલ-નગારાં, લોક વાદ્યો અને લોક કલાકારોના કાર્યક્રમો યોજાશે, જેમાં ગુજરાતની સમૃદ્ધ આદિવાસી સંસ્કૃતિ અને ભક્તિ ભાવનું સુંદર સંમિશ્રણ દર્શાવવામાં આવશે. આ ભવ્ય આયોજનથી અંબાજીમાં ભક્તિ, આસ્થા અને લોક સંસ્કૃતિનો અનન્ય ત્રિવેણી સંગમ સર્જાશે.

૩૦ જાન્યુઆરીએ સવારે ૯:૩૦ કલાકે પાલખી યાત્રા, ધજા યાત્રા અને સાધુ-સંતોના આશીર્વચન સાથે મહોત્સવનો શુભારંભ થશે. ત્યારબાદ પ્રાસંગિક પ્રવચનો, ભજન સત્સંગ અને આનંદ ગરબાનું આયોજન કરાશે.

૩૧ જાન્યુઆરી ૨૦૨૬

ત્રિશુલ યાત્રા અને પાદુકા યાત્રા સાથે દિવસનો પ્રારંભ થશે. આ દિવસે વિશેષ રૂપે શક્તિપીઠ સંકુલોમાં 'શક્તિ યાગ' (યજ્ઞ) અને દર્શન પરિક્રમા સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે.

૧ ફેબ્રુઆરી ૨૦૨૬

જ્યોત યાત્રા, ચામર યાત્રા અને મશાલ યાત્રાના આયોજન સાથે ભક્તિમય માહોલમાં મહોત્સવનું સમાપન થશે.

AAP નેતા રાજુ કરપડા અને પ્રવીણ રામના જામીન મંજૂર

● બોટાદ, તા.૨૯

બોટાદના હડદડ ગામે ખેડૂત-પોલીસ વચ્ચેના ઘર્ષણ કેસમાં ભાવનગર ડીસ્ટ્રીક્ટ એન્ડ સેશન્સ કોર્ટે મહત્ત્વનો ચુકાદો આપ્યો છે. કોર્ટે આમ આદમી પાર્ટીના નેતા રાજુ કરપડા અને પ્રવીણ રામના જામીન મંજૂર કર્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે, બોટાદ માર્કેટિંગ યાર્ડમાં ચાલતી કડદાપ્રથા વિરુદ્ધ આંદોલનનું નેતૃત્વ કરનાર આપ કિસાન સેલ પ્રમુખ રાજુ કરપડા અને પ્રદેશ ફ્રન્ટલ સંગઠન પ્રમુખ પ્રવીણ રામની ચાર મહિના અગાઉ ધરપકડ કરવામાં આવી હતી. ત્યાર બાદથી બંને નેતા જેલમાં હતા.

૧૨ ઓક્ટોબરે બોટાદના હડદડ ગામમાં ખેડૂત મહા પંચાયતનું આયોજન કરાયું હતું. પોલીસનો દાવો હતો કે, આ આયોજન મંજૂરી વિના કરાયું હતું. તેથી તે રોકવા માટે પોલીસ પહોંચતા જ ઉશ્કેરાયેલા ટોળાએ પોલીસના વાહનો પર પથ્થરમારો કર્યો હતો. આ સ્થિતિને કાબુમાં લેવા પોલીસે ટિયર ગેસના શેલ છોડવા પડ્યા હતા. રાજુ કરપડા અને પ્રવીણ રામની ચાર મહિના અગાઉ ધરપકડ કરવામાં આવી ત્યાર બાદથી બંને જેલમાં હતા

બોટાદ માર્કેટયાર્ડ (APMC) ખાતે કપાસના વેપારીઓ દ્વારા વજનમાં કરાતા કડદા વિરુદ્ધ ખેડૂતોનું ઉગ્ર આંદોલન કર્યુ હતું. જેમાં ગત ૧૦ ઓક્ટોબરે મોડી રાત્રે યાર્ડમાં ખેડૂતો ભજન -કીર્તન કરીને વિરોધ નોંધાવ્યો હતો.

૮ ડિસેમ્બરના રોજ રાજકોટના પ્રવાસે આવેલા અરવિંદ કેજરીવાલે કહ્યું હતું કે બોટાદના હડદડ આંદોલનમાં ૮૮ લોકોની ધરપકડ કરવામાં આવી છે. ૪૨ લોકોને જામીન મળ્યા છે અને ૪૬ લોકો જેલમાં છે. એક-એક વ્યક્તિને અમે જેલમાંથી બહાર કાઢીશું. ખેડૂતો ત્યાં પથ્થરમારો કરવા નહીં પરંતુ, કડદા પ્રથા મામલે ન્યાય માગવા ગયા હતા. જેથી તમામ ખેડૂતોને છોડી મૂકવામાં આવે. બે વર્ષ પછી ગુજરાતમાં આમ આદમી પાર્ટીની સરકાર આવશે ત્યારે તમામ ખોટી હૈઈં રદ કરી દેવાશે. આ સાથે ખોટી રીતે જેઓ જેલમાં છે તેમને મુક્ત કરવામાં આવશે અને જેઓ ખરેખર દોષિત છે તેમને જેલમાં પૂરવામાં આવશે. મને પણ જેલમાં નાખવામાં આવ્યો હતો. મારો વાંક શું હતો?

કેજરીવાલે તીખો પ્રહાર કરતાં ભાજપ સરકારને અંગ્રેજો જેવી અહંકારી ગણાવી હતી અને કહ્યું કે છેલ્લા ૩૦ વર્ષથી ગુજરાતમાં ભાજપની સરકાર હોવાથી તેમને અહંકાર આવી ગયો છે કે, તેમને કોઈ સત્તા પરથી હટાવી નહીં શકે. દંડા અને આંસુ ગેસથી લોકોને કાબૂમાં કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. દારૂ વેચતા લોકો પર ભાજપ કાર્યવાહી નથી કરતી, પરંતુ કડદા પ્રથા દૂર કરવા માટે એકઠા થયેલા ખેડૂતો પર ખોટા કેસ કરવામાં આવે છે. ભાજપ અને કોંગ્રેસ એક સિક્કાને બે બાજુ છે

અમિત ખૂંટ આપઘાત કેસમાં વધુ એક આરોપી પકડાયો

● રાજકોટ, તા.૨૯

રીબડાના અમિત ખૂંટ આપઘાત કેસમાં ૮ મહિનાથી ફરાર રહીમ મકરાણીની કરાઈ ધરપકડ. રાજકોટ રુરલ લોકલ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા જુનાગઢ ખાતેથી ઝડપી પાડવામાં આવ્યો. આ સાથે આ કેસમાં ધરપકડનો કુલ આંક ૯ પર પહોંચ્યો છે. રીબડાના બહુચર્ચિત અમિત ખૂંટ આપઘાત કેસમાં રાજકોટ ગ્રામ્ય ન્ઝ્રમ ને મોટી સફળતા મળી છે. ૮ મહિનાથી નાસતો ફરતો ઠ નામનો આરોપી ઝડપાયો છે. ફરાર રહીમ મકરાણીની ધરપકડ કરાઈ છે. રાજકોટ રુરલ લોકલ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા જુનાગઢ ખાતેથી ઝડપી પાડવામાં આવ્યો છે. ૮ માસ દરમિયાન રહીમ પંજાબ, મહારાષ્ટ્ર, પશ્ચિમ બંગાળ, બિહાર, ઉત્તરપ્રદેશ સહિતના રાજ્યોમાં આશ્રય લીધો હતો. આ સાથે જ ધરપકડનો કુલ આંક ૯ પર પહોંચ્યો છે. રહીમ મકરાણીને રિમાન્ડની માંગણી અર્થે કોર્ટમાં રજૂ કરાયો. ગોંડલના ચકચારી અમિત ખૂંટ આત્મહત્યા કેસમાં છેલ્લા ૮ મહિનાથી પોલીસને થાપ આપતો આરોપી રહીમ મકરાણી જૂનાગઢથી પોલીસની પકડમાં આવ્યો છે. નામદાર કોર્ટ દ્વારા જે આરોપીને ફરાર જાહેર કરાયો હતો તેને રાજકોટ ન્ઝ્રમ એ બાતમીના આધારે દબોચી લીધો.આરોપી પોતાના ઘરે હોવાની બાતમી મળતા રૂરલ ન્ઝ્રમ ટીમે જૂનાગઢમાં ઓપરેશન પાર પાડી સફળતા મેળવી છે. પકડાયેલ આરોપીને આગળની કાર્યવાહી માટે જેતપુર" એ.ડી.પરમારને સોંપવામાં આવ્યો છે.

આરોપી રહીમ મકરાણી વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા (મ્દ્ગજી)ની કલમ ૧૦૮ અને ૬૧(૨) મુજબ ગુનો નોંધાયેલો છે. પોલીસને બાતમી મળી હતી કે, તે જુનાગઢના દોલતપરા વિસ્તારમાં પોતાના જ ઘરે છુપાયેલો છે. તેથી પોલીસે આખો પ્લાન ઘડીને તેને પકડી પાડ્યો હતો. રહમ મકરાણી મિસ્ટર એક્સ તરીકે ફેમસ હતો, તે સગીરાના સોશિયલ મીડિયાથી વાતો કરતો હતો. ખોટી ફરિયાદ કરવા યુવતીઓને આઈફોન અને રૂપિયાની લાલચ પણ આપતો હતો.

ગત વર્ષે ૫મી મે ૨૦૨૫ના રોજ રીબડા ગામના યુવક અમિત ખૂંટે આપઘાત કર્યો હતો. મૃતકે મોત પહેલા લખેલી સ્યુસાઈડ નોટમાં અનેક લોકોના નામ લખ્યા હતા. જેના બાદ ગોંડલ તાલુકા પોલીસ સ્ટેશન ખાતે આત્મહત્યાના દુષપ્રેરણ સહિતની ફરિયાદ થઈ હતી. આ બાદ અનિરુદ્ધસિંહ જાડેજા, રાજદીપસિંહ જાડેજા, પૂજા રાજગોર સામે પોલીસ ફરિયાદ દાખલ થઈ હતી.

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ સાસણમાં કોમન મેન બન્યા, સ્થાનિક વેપારીઓને મળ્યા

● જૂનાગઢ, તા.૨૯

જૂનાગઢમાં વિકાસ કાર્યોના લોકાર્પણ બાદ મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ સાસણ ગીરમાં પહોંચ્યા હતા, જ્યાં તેમની સરળતા અને નિખાલસ સ્વભાવ સૌને સ્પર્શી ગયો હતો. સિંહ સદનમાંથી રાત્રે બહાર નીકળીને મુખ્યમંત્રી કોમન મેનની જેમ બજારમાં ફર્યા, સ્થાનિક લોકો અને વેપારીઓને મળ્યા તેમજ તેમની ખબરઅંતર પૂછતા સંવાદ કર્યો હતો.

તેમણે ગીરની પ્રખ્યાત કેરી પ્રોડક્ટ્સ, સિંહની પ્રતિકૃતિ ધરાવતી હસ્તકલાની વસ્તુઓ અને સ્વદેશી સામાન વેચતા સ્ટોલ પર જઈ વેપારીઓને પ્રોત્સાહન આપ્યું હતું. વડાપ્રધાનની સાસણ મુલાકાત બાદ પ્રવાસીઓમાં થયેલા વધારા અને ગીરના વૈશ્વિક પ્રવાસન નકશા પર સ્થાન મેળવતા ગૌરવને લઈ મુખ્યમંત્રીએ રાજીપો વ્યક્ત કર્યો હતો. બજારમાં સ્થાનિક લોકોની વચ્ચે બેસીને ચા પીતા મુખ્યમંત્રીની માનવતા અને સંવેદનશીલતા લોકોના દિલમાં ઘર કરી ગઈ હતી.

મુખ્યમંત્રી જૂનાગઢમાં વિકાસ કાર્યોના લોકાર્પણ બાદ સાસણ ગીરમાં પહોંચ્યા હતા. ગઈ કાલે રાત્રે સિંહ સદનમાંથી મુખ્યમંત્રી એ બહાર નીકળી એક કોમન મેનની જેમ બજારમાં તેઓ લોકોને મળ્યા હતા. એટલું જ નહીં તેઓ ગીરની પ્રખ્યાત કેરી પ્રોડક્ટ સહિતની સ્થાનિક સ્વદેશી પ્રોડક્ટ, સિંહની પ્રતિકૃતિ વાળી હસ્તકલાની ચીજ વસ્તુઓ વેચતા વેપારીના સ્ટોલ પર પહોંચ્યા અને સ્વદેશી ચીજ વસ્તુઓ અને હસ્તકલાની ચીજ વસ્તુઓ વેચતા વેપારીઓને પ્રોત્સાહન આપ્યું.

ત્યાંથી આગળ વધીને મુખ્યમંત્રી માર્ગમાં લોકોને મળ્યા, લોકોના ખબર અંતર પૂછી તેમની સાથે વાતચીત પણ કરી. વડાપ્રધાનની સાસણની મુલાકાત બાદ સાસણમાં સતત પ્રવાસીઓનો વધારો થઈ રહ્યો છે અને સાસણ આજે વિશ્વના પ્રવાસન નકશા પર અંકિત થઈ રહ્યુ છે અને તેની સાથે સિંહ સંવર્ધનમાં સૌની સહભાગીતા સહિતની ગૌરવભરી ગાથા જાણીને મુખ્યમંત્રીએ રાજીપો વ્યક્ત કર્યો હતો. મુખ્યમંત્રીએ વિદ્યાર્થીઓ-બહેનો સાથે પણ સંવાદ કરીને તેમને શુભકામના પાઠવી હતી. પ્રવાસીઓ અને સ્થાનિક વેપારીઓને મળીને લોક લાગણીને સ્વીકારી મુખ્યમંત્રીએ તેમની સાથે બેસીને ચા પણ પીધી હતી.

ગુજરાતના ટેબ્લોએ સતત ચોથા વર્ષે "પોપ્યુલર ચોઈસ એવોર્ડ" શ્રેણીમાં પ્રથમ ક્રમ પ્રાપ્ત કર્યો

● અમદાવાદ, તા.૨૯

૭૭મા પ્રજાસત્તાક પર્વ નિમિત્તે નવી દિલ્હીના કર્તવ્યપથ પર યોજાતી રાષ્ટ્રીય પરેડમાં ગુજરાતના 'સ્વતંત્રતા કા મંત્રઃ વંદેમાતરમ' થીમ આધારિત ટેબ્લોએ ભારે ઉત્સુકતા અને આકર્ષણ જમાવ્યું હતું. ગુજરાતના આ ટેબ્લોએ પ્રજાસત્તાક દિન પરેડમાં ''પોપ્યુલર ચોઈસ એવોર્ડ'' શ્રેણીમાં સતત ચોથા વર્ષે પ્રથમ સ્થાન મેળવ્યું છે. માહિતી કમિશ્નરની કચેરી દ્વારા તૈયાર કરવામાં આવતા ગુજરાતના ટેબ્લોએ સતત ચોથા વર્ષે ''પોપ્યુલર ચોઈસ એવોર્ડ'' શ્રેણીમાં પ્રથમ ક્રમ પ્રાપ્ત કરીને ઈતિહાસ સર્જ્યો છે. આ તબક્કે, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, રાષ્ટ્રભક્તિની સાથે રાજ્યના સ્વાતંત્ર્યવીરોના યોગદાનને ઉજાગર કરતા ગુજરાતના ટેબ્લોને લોકોએ ખૂબ પસંદ કર્યો હતો. ૩૦મી, જાન્યુઆરીએ નવી દિલ્હીના રાષ્ટ્રીય રંગશાળા શિબિર ખાતે પ્રજાસત્તાક પર્વના સમાપન સમારોહમાં કેન્દ્રના રાજ્યકક્ષાના સંરક્ષણ મંત્રીની ઉપસ્થિતિમાં ગુજરાતને આ ગૌરવપૂર્ણ પુરસ્કાર એનાયત કરવામાં આવશે.

કેન્દ્ર સરકારના સંરક્ષણ મંત્રાલય દ્વારા સ્ર્ઉંદ્બ પોર્ટલ પર ૨૬મી, જાન્યુઆરીથી ૨૭મી, જાન્યુઆરીના રાત્રે ૧૧.૪૫ વાગ્યા સુધી યોજાયેલા મતદાનમાં ગુજરાતના ટેબ્લોએ પ્રથમ કલાકથી બીજા દિવસના અંત સુધી સતત અગ્રેસર રહીને કુલ વોટના ૪૩ ટકા વોટ સાથે પીપલ્સ ચોઈસ કેટેગરીમાં પ્રથમ ક્રમાંક સાથે વિજેતા થયો હતો. દ્વિતિય ક્રમે રહેલા ઉત્તર પ્રદેશને ૯ ટકા મત મળવા પામ્યા હતા, જ્યારે બાકીના ૧૫ રાજ્યોએ અનુક્રમે મત મેળવ્યા હતા. આ વર્ષે કર્તવ્ય પથ પર યોજાયેલી રાષ્ટ્રીય પરેડમાં ગુજરાત રાજ્યના માહિતી વિભાગે પ્રસ્તુત કરેલા ટેબ્લોમાં વંદે માતરમ્ અને સ્વદેશી ચળવળના સમન્વયથી ઉદ્ભવેલી આઝાદી માટેની ક્રાંતિથી લઈ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આપેલા આત્મનિર્ભરતા માટે સ્વદેશીના મંત્રની યાત્રાને તાદશ રીતે રજૂ કરવામાં આવી હતી.

વિશ્વમાં સૌથી ઝડપથી વિકસતા ટોપ-૧૦ શહેરોમાં ભારતમાં ગુજરાતના સુરત-રાજકોટનો ડંકો

● અમદાવાદ, તા.૨૯

ગુજરાતમાં અમદાવાદ, વડોદરા, રાજકોટ અને સુરત એવા ૪ મહાનગરો મેટ્રો સિટી તરીકે ઓળખાય છે. જે વસતિ અને વિકાસની દષ્ટિએ રાજ્યના મોખરાના મહાનગરો છે પરંતુ છેલ્લા એક દાયકા દરમ્યાન ગુજરાતના સુરત અને રાજકોટ જેવી મેટ્રો સિટીએ ખાસ્સુ કાઠું કાઢ્યું છે. સામાન્ય રીતે ગુજરાત, દેશનું ગ્રોથ એન્જિન મનાય છે પરંતુ આગામી દસકા દરમ્યાન જ રાજ્યના સુરત અને રાજકોટ ગુજરાતના ગ્રોથ એન્જિન તરીકે માન્યતા મેળવે તો કાંઈ નવાઈ પામવા જેવું નહીં રહે. તાજેતરના ભારત સરકારના આર્થિક સર્વેક્ષણ અને ઓક્સફર્ડ ઈકોનોમિક્સના ડેટા મુજબ, વર્ષ ૨૦૧૯-૩૫ દરમિયાન વિશ્વના સૌથી ઝડપથી વિકસતા શહેરોમાં ભારતના ટોપ-૧૦ શહેરોની યાદીમાં ગુજરાતના આ શહેરોએ મેદાન માર્યું છે. ખાસ કરીને સુરત સમગ્ર વિશ્વમાં પ્રથમ ક્રમે છે, જે ગુજરાત માટે ગૌરવની વાત છે. આ રિપોર્ટ મુજબ, શહેરોનું કદ બમણું થવાથી ઉત્પાદકતામાં ૧૨ ટકાનો વધારો થાય છે. જેનો સીધો લાભ ગુજરાતને મળી રહ્યો છે. જ્યારે ભારત ૫ ટ્રિલિયન ડોલરની ઈકોનોમી તરફ આગળ વધી રહ્યું છે ત્યારે ગુજરાતના આ શહેરો માત્ર રહેઠાણ માટેના સ્થળો નથી પરંતુ 'ઈકોનોમિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર' તરીકે ઉભરી આવ્યા છે. સુરત, રાજકોટ અને અમદાવાદ જેવા શહેરો આવનારા દાયકામાં વૈશ્વિક રોકાણકારો માટે હોટસ્પોટ બની રહેશે.કેન્દ્રિય નાણામંત્રી નિર્મલા સીતારમને લોકસભામાં રજૂ કરેલા આર્થિક સમીક્ષા-રિપોર્ટમાં દર્શાવેલા કોષ્ટક મુજબ '૨૦૧૯-૨૦૩૫' ના સમયગાળા દરમ્યાન વિશ્વમાં સૌથી વધુ ઝડપથી વિકાસ પામતા શહેરોમાં ભારતના ટોપ-૧૦ શહેરોમાં પ્રથમ નંબરે સુરત છે. જેનું કારણ એ છે કે, વિશ્વમાં સુરત એક એવું શહેર છે કે, ૨૦૧૯-૨૦૩૫ના સમયગાળા દરમ્યાન તેનો ગ્રોથ (વિકાસ) વાર્ષિક ૯.૧૭ ટકા જેટલો હશે. વર્ષ ૨૦૧૮માં તેની વાર્ષિક આવક (ય્ઙ્ઁ) ૨૮.૫ બિલિયન ડોલર-(રુ. ૨૬,૧૯,૭૦,૧૪,૭૫,૦૦૦ (રુ. ૨,૬૧,૯૭૭ કરોડ) હતું. જે હવે વર્ષ ૨૦૩૫માં વધીને ૧૨૬.૮ બિલિયન ડોલર-રુ. ૧,૧૬,૫૪,૮૦, ૨૯,૮૦,૦૦૦ (રુ. ૧૧,૬૫,૪૮૦ કરોડ) થશે. આમ તો, ૨૦૩૫માં બેંગલુરુ અને તિરુચીરાપલ્લીની કુલ વાર્ષિક આવક સુરત કરતાં વધુ હશે પરંતુ તેનો વાર્ષિક વિકાસ દર સુરત કરતાં ઓછો હશે અર્થાત્ વાર્ષિક વિકાસ દરની દષ્ટિએ સુરત ભારતમાં જ નહીં પરંતુ વિશ્વમાં સુરત પ્રથમ ક્રમનું શહેર હશે.એવી જ રીતે વિશ્વમાં સૌથી વધુ ઝડપે વિકાસ કરનારા ટોપ-૧૦ શહેરોમાં રાજકોટ ૭માં નંબરે છે, કેમકે તેનો વાર્ષિક વિકાસ દર ૨૦૧૯-૨૦૩૫ દરમ્યાન ૮.૩૩ ટકા હશે.

APAR Industries Limited

Tomorrow's solutions today

(CIN : L91110GJ1989PLC012802)

Registered Office : 301, Panorama Complex, R. C. Dutt Road, Vadodara - 390 007 (Gujarat), India.
Tel. No. : (0265) 6178700, 2339906 E-mail : com.sec@apar.com URL : www.apar.com

EXTRACT OF UN-AUDITED CONSOLIDATED FINANCIAL RESULTS FOR THE THIRD QUARTER AND NINE MONTHS ENDED 31ST DECEMBER, 2025

₹ in crore

Particulars	Consolidated		
	Quarter ended 31st Dec., 2025 (Reviewed)	Quarter ended 31st Dec., 2024 (Reviewed)	Nine Months ended 31st Dec., 2025 (Reviewed)
Total Income from operations	5,479.73	4,716.42	16,299.32
Net Profit / (Loss) for the period (before Tax, Exceptional and / or Extraordinary items)	313.08	238.56	1,006.15
Exceptional items (refer note 3)	(24.99)	-	(24.99)
Net Profit / (Loss) for the period before tax (after Exceptional and / or Extraordinary items)	288.08	238.47	981.13
Net Profit / (Loss) for the period after tax (after Exceptional and / or Extraordinary items)	208.93	174.92	723.53
Total Comprehensive Income for the period [Comprising Profit / (Loss) for the period (after tax) and other Comprehensive Income (after tax)]	271.15	131.63	815.83
Equity Share Capital	40.17	40.17	40.17
Reserves (excluding Revaluation Reserve) as shown in the Audited Balance Sheet as on 31st March	-	-	-
Earnings Per Share (Face Value of ₹ 10/- each) (for continuing and discontinued operations)			
Basic (in ₹)	52.01	43.55	180.12
Diluted (in ₹)	51.92	43.55	179.85

Notes :

1) The said Results have been reviewed by the Audit Committee and approved by the Board of Directors of the Company at its Meeting held on 29th January, 2026.

2) Additional information on Standalone financial results is as follows :

₹ in crore

Particulars	Quarter ended 31st Dec., 2025 (Reviewed)	Quarter ended 31st Dec., 2024 (Reviewed)	Nine Months ended 31st Dec., 2025 (Reviewed)
Total Income from Operations	5,191.58	4,509.50	15,535.59
Profit before tax	281.68	238.56	970.33
Profit for the period	207.61	176.06	719.28
Total Comprehensive Income (after tax)	269.83	129.69	803.51

3) Pursuant to the notification by the Ministry of Labour & Employment on November 21, 2025 of the Code on Wages, 2019, the Industrial Relations Code, 2020, the Code on Social Security, 2020 and the Occupational Safety, Health and Working Conditions Code, 2020 (collectively referred to as "the Labour Codes"), The Government had approved the Code on Social Security, 2020, which will impact the Group's employee benefit obligations. The Group has recognized a provision towards past service cost on gratuity and compensated absences payable to employees amounting to Rs 24.57 crores and Rs 24.99 crores in standalone and consolidated financials based on best possible estimates available, which is accounted for under "Exceptional items" in accordance with Ind AS 19 - 'Employee Benefits' and FAQs on key accounting implications arising from the New Labour Codes issued by the Institute of Chartered Accountants of India ('ICAI') in its Standalone and consolidated financial results during the current quarter ended December 31, 2025 and is in the process of evaluating other possible impacts.

4) The above is an extract of the detailed format of Statement of standalone and consolidated financial results filed with the Stock Exchanges pursuant to Regulation 33 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015. The full format of the Statement of standalone and consolidated financial results are available on the Stock Exchange websites www.bseindia.com (Scrip Code - 532259) and www.nseindia.com (Scrip Symbol - APARINDS) and on Company's website at the Weblink : https://apar.com/wp-content/uploads/2026/01/Outcome-of-Board-Meeting.pdf

5) The same can be accessed by scanning the QR Code provided below.

Place : Mumbai
Date : January 29, 2026

For APAR Industries Limited
Sd/-
Kushal N. Desai
Chairman & Managing Director
DIN : 00008084

Styrenix Performance Materials Limited

CIN : L25200GJ1973PLC002436

Registered Office : 9th Floor, "Shiva", Sarabhai Complex, Dr. Vikram Sarabhai Marg, Vadiwadi,, Vadodara - 390 023, Gujarat, India.
Tele : +91 265-2303201 / 02 E-Mail : secshare@styrenix.com Website : www.styrenix.com

(INR in Crores Except EPS)

Statement of Standalone Unaudited Financial Results For the Quarter and nine months ended Dec 31, 2025

	Particulars	For the Quarter ended		For the Period Ended	
		Dec 31, 2025 (Unaudited)	Dec 31, 2024 (Unaudited)	Dec 31, 2025 (Unaudited)	Dec 31, 2024 (Unaudited)
I	Revenue from operations	647.62	690.79	1,983.91	2,042.71
II	Other income	1.23	1.37	4.39	9.64
III	Total income (I+II)	648.85	692.16	1,988.30	2,052.35
IV	Expenses				
	Cost of materials consumed	472.73	556.68	1,455.01	1,619.19
	Changes in inventories of finished goods and work-in-progress	16.25	(25.55)	40.73	(78.89)
	Employee benefits expense	18.95	17.84	56.97	51.50
	Other expenses	65.18	67.78	191.96	187.77
	Total expenses (IV)	573.11	616.75	1,744.67	1,779.57
V	PBDIT : Profit before Depreciation, Interest and Tax expense (III-IV)	75.74	75.41	243.63	272.78
VI	Finance Costs	1.06	1.11	4.25	2.58
VII	PBDT : Profit before Depreciation and Tax expense (V-VI)	74.68	74.30	239.38	270.20
VIII	Depreciation and amortisation expense	11.87	10.01	34.32	29.26
IX	Profit before exceptional item and tax (VII-VIII)	62.81	64.29	205.06	240.94
X	Exceptional Items	3.10	-	3.10	-
XI	Profit before tax (IX-X)	59.71	64.29	201.96	240.94
XII	Tax expense				
	Current tax	16.80	16.79	54.85	63.21
	Deferred tax charge / (credit)	(1.39)	(0.20)	(2.86)	(1.27)
	Total tax expense (XII)	15.41	16.59	51.99	61.94
XIII	Profit for the Period / Year (XI-XII)	44.30	47.70	149.97	179.00
XIV	Other comprehensive income				
	Items that will not be reclassified to profit or loss				
	Remeasurements of defined benefit plans - (Loss) / Gain	(0.16)	(0.09)	(0.47)	(0.28)
	Income tax relating to remeasurements of defined benefit plans	0.04	0.02	0.12	0.07
	Total other comprehensive income, net of tax (XIV)	(0.12)	(0.07)	(0.35)	(0.21)
XV	Total comprehensive income for the Period / Year (XIII+XIV)	44.18	47.63	149.62	178.79
XVI	Paid-up equity share capital (Face value of the share : INR 10)	17.59	17.59	17.59	17.59
XVII	Other Equity			928.20	780.19
XVIII	Earnings per share (Not annualised) Nominal value per equity share of INR 10 each Basic and Diluted (INR)	25.19 25.19	27.12 27.12	85.28 85.28	101.78 101.78

EXTRACT OF CONSOLIDATED UNAUDITED FINANCIAL RESULTS FOR THE QUARTER AND NINE MONTHS ENDED DEC 31, 2025

	Particulars	For the Quarter ended		For the Period Ended	
		Dec 31, 2025 (Unaudited)	Dec 31, 2024 (Unaudited)	Dec 31, 2025 (Unaudited)	Dec 31, 2024 (Unaudited)
1	Total Income from Operations	871.26	692.16	2,619.37	2,052.35
2	PBDIT : Profit before Depreciation, Interest and Tax expense	43.52	75.41	231.79	272.78
3	Net Profit/(Loss) for the period (before Tax and Exceptional items)	9.50	64.29	133.31	240.94
4	Net Profit/(Loss) for the period before tax (after Exceptional items)	6.40	64.29	130.21	240.94
5	Net Profit/(Loss) for the period after tax (after Exceptional items)	16.34	47.70	109.39	179.00
6	Total Comprehensive Income for the period [Comprising Profit/(Loss) for the period after tax and Other Comprehensive Income (after tax)]	25.02	47.63	136.36	178.79
7	Equity Share Capital	17.59	17.59	17.59	17.59
8	Earning Per Share (of Rs. 10/- each) (for continuing and discontinued operations) Basic and Diluted	9.29	27.12	62.20	101.79

Notes:

1. The above financial results were reviewed and recommended by Audit Committee and approved by Board of Directors at its meeting held on January 29, 2026.
2. The above is an extract of the detailed format of Statement of standalone and consolidated financial results filed with the Stock Exchange persuant to Regulation 33 of the SEBI (Listing Obligation and Disclosure Requirements) Regulation, 2015. The full format of the Statments of standalone and consolidated financial results are available on the Stock Exchange Websites www.bseindia.com (Script Code:506222) and www.nseindia.com (Script Symbol:STYRENIX) and Company's Website at www.styrenix.com.
3. The financial results of the Company have been prepared in accordance with Indian Accounting ("Ind AS") notified under Section 133 of the Companies Act 2013 ('Act') read with Companies (Indian Accounting Standards) Rules, 2015, as amended..
4. The same can be accesed by scanning the QR Code provided below.

Place : Vadodara
Date : January 29, 2026

For Styrenix Performance Materials Limited
Sd/-
Rakesh S Agrawal
Chairman
DIN : 00057955